श्री परमात्मने नमः

मूकं करोति वाचालं पंगु लंघयते गिरिम् ।

यत्कृपा तमहं वंदे परमानंद माधवम् ॥

આત્યુત્તમ આ बाण कथा નો સાર મહા મહાસાગર છે.

श्री हरिसुत જેના ભાષાંત્તર કરનારા પણ નાગર છે

मणी, बाल, गोवर्धन, જેવાં રત્ન ભર્યો રત્નાકર છે

श्रीहरिसुत, याज्ञिक, मनःसुखની ગરવી ગિરા સુધાકર છે.

જે ઊર્વી પ્રગટયાં ઊર રત્નો તે ભુમી માંહીં નીવાસ કરી

સંપુટની ત્રિપુટી કરવાની અંતરમાં અભિલાષ ધરી

ક્ષમાવંત શીલ શ્રી–કુલ ભુષણુ કરી પ્રાર્થના વ્હાલ ભરી

चित्रकार અર્પે આકૃતિ જનસેવા માંહી પ્રણામ કરી.

મહાશ્વેતા કાદમ્બરી નાટકનાં પાત્રો.

મહાશ્વેતા ... ...હંસરાજ ગંધર્વની પુત્રી.
તરલિકા ... ...તેની પ્રિય સખી.
હંસરાજ ... ...ખંડીઓ ગંધર્વ રાજા.
ગૌરી ... ...તેની રાણી.
પુંડરીક ... ...શ્વેતકેતુ મુનીનો કુમાર.
કપિંજલ ... ...તેનો મિત્ર.
કાદમ્બરી ... ...ચિત્રસેન ગંધર્વની પુત્રી મહાશ્વેતાની બાલ સખી.
મદલેખા, તમાલીકા ... ...તેની પ્રીય સખીઓ.
કેયુરક ... ...કાદમ્બરીનો વીણાવાહક.
રોહીણી ... ...ચંદ્રની એક કળા.
ચંદ્ર ... ...રોહિણી પતી.
કુબેર ... ...દેવતાઓના કોપાધિકારી.
ઇર્ષ્યાનંદ, અસૂયા ... ...બીજાની ઇર્ષા કરનાર બ્રાહ્મણ દંપતિ.
ભોજનાનંદ, નિર્ગુણાનંદ ... ...તેની પાડોશમાં રહેનાર બ્રાહ્મણો.
ચિત્રસેન ... ...ગંધર્વનો રાજાધિરાજ કાદમ્બરીનો પિતા
મદિરા ... ...તેની રાણી.

પુર્વ જન્મ અંશાવતારી પાત્રો.

ચંદ્રાપીડ ... ...ચંદ્ર.
વૈશમ્પાયન ... ...પુંડરીક.
પત્રલેખા ... ...રોહિણી.

ઇંદ્રાયુધઅશ્વ... ...કપીંજલ.
તારાપીડ ... ...ચંદ્રાપીડનો પિતા.
વિલાસવતી... ...ચંદ્રાપીડની માતા.
શુકનાસ ... ...તારાપીડનો પ્રધાન વૈશંપાયનનો પિતા.
જાબાલી ... ...ત્રીકાળજ્ઞાની મહાત્મા.

પુનર્જન્મ.

ચાંડાલકન્યા... ...પુંડરીકની માતા લક્ષ્મી.
શુદ્રક ... ...ચંદ્રાપીડ.
શુકશાસ્ત્રગંજ ...વૈશંપાયન.

એ સિવાય—વારાંગનાઓ, સીપાઇઓ, યોગીનીઓ, વૈમાનીકો, યક્ષો વિગેરે.

श्री गणेशायनमः

महाश्वेता कादम्बरी

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

મંગળાચરણ—વસ્તુ વિવેચન.

અંક પહેલો.

પ્ર. ૧ લો—હેમકુટ પર્વતપર આવેલા અચ્છોદસરોવર પાસેના પ્રદેશમાં હંસરાજ ગંધર્વની પુત્રી મહાશ્વેતાનું સખીઓ સાથે આગમન, પોતાના મિત્ર કપીંજલ સાથે સ્નાન નિમિત્ત આવેલા મહામુની શ્વેતકેતુના કુમાર પુંડરીકે કર્ણમાં ધારણ કરેલી કુસુમ મંજરીનો સુગંધ પ્રભાવ, મહાશ્વેતા તથા પુંડરીકના પ્રેમનું પ્રથમ દિગ્દર્શન.

પ્ર. ૨ જો—પરણવાની ઉમરે પહોંચેલી મહાશ્વેતાને માટે ગૌરીમાતાની ચિંતા, વિરહ વેદના ભોગવતા પુંડરીકની મહાશ્વેતાને મળવાની યુક્તિ પ્રયુક્તિ, ચતુર સખીની ચતુરાઈ, કામવાસનાથી ઘેરાયલા પુંડરીકને કપિંજલનો સદુપદેશ, પથ્થર ઉપર પાણી.

પ્ર. ૩ જો—પુંડરીકના મોહપાસમાં પડેલી મોહિની મહાશ્વેતાની પ્રેમ ઘેલછા, મિત્ર ધર્મ બજાવવા આવેલા કપિંજલને મુખે પુંડરીકની દુઃખદાવસ્થાનું વર્ણન શ્રવણ કરતાં ગુપ્ત રીતે મનથી માનેલા પતિ સાથે રતિકેલી કરવાના નીશ્ચયથી પ્રયાણ.

પ્ર. ૪ થો—કામની છેલ્લી સીમાએ પહોંચેલા પુંડરીકની દુર્દશા, ચંદ્ર તથા પુંડરીકનો અરસપરસ શ્રાપ-સંભ્રમ, મહાશ્વેતાને

લઈ કપીંજલના આવતા પહેલાં પુંડરીકનું મરણ, કપીંજલનો વિલાપ, પતિના સુખની આશાએ આવેલી મહાશ્વેતાની નીરાશા, રંગમાં ભંગ, પતિ સાથે બળી મરવાની તૈયારી કરતાં આકાશવાણી દ્વારા શાંત્વન, પુંડરીકના શબનું આકાશગમન.

પ્ર. ૫ મો—અભિસારિકા મહાશ્વેતાની શોધાશોધ, પતિ પાછળ પ્રાણ ત્યાગ કરવાને તત્પર થયેલી મહાશ્વેતાને માતાપિતાનો બોધ, અખંડ શિયળવ્રત ધારણ કરી યોગીની રૂપે જીવન ગાળવાના નિશ્ચયથી મહાશ્વેતાનું તપ કરવા માટે ચાલી નીકળવું.

પ્ર. ૬ ઠો—ચિત્રરથ ગંધર્વના પુત્રી કાદમ્બરીનો વિહારવાટિકામાં સખીઓ સાથે વાર્તાવિનોદ, કુમારીકા તરીકે જીવન ગાળવાનું પસંદ કરનારી કાદમ્બરીને સંસારમાં પતિના લાભ સમજાવવાનો સખીઓનો પ્રયત્ન.

પ્ર. ૭ મો—બીજાનું સુખ જોઈ મનમાં નીરંતર બળનાર અસુયા તથા ઇર્ષ્યાનંદ નામના બ્રાહ્મણ દંપતીના ઇર્ષ્યાળુ સ્વભાવનું દિગ્દર્શન, તેની પાડોશમાં રહેનારા ભોજનના ભોગી ભોજનાનંદ તથા ગોલાનું ગોરપદુ કરનાર નીર્ગુણાનંદનો નિર્ગુણવાદ.

પ્ર. ૮ મો—કાદમ્બરીના વિણાવાહક કેયુરકની મુર્ખ દાસી સાથે માથાફોડ, તરલિકા દ્વારા મહાશ્વેતાના વૈધવ્ય સમાચાર સાંભળતાં પરિતાપ પામતી કાદમ્બરીનો કુમારીકા તરીકે જીવન ગાળવાનો દૃઢ સંકલ્પ.

પ્ર. ૯ મો—પોતાના તપના પ્રભાવ વડે કરીને પુંડરીકના શબની પાછળ કપિંજલનું સ્વદેહે ચંદ્રલોકમાં આગમન, દેવતાઇ આયુધોનું પ્રાગટ્ય, વૈમાનીકના શ્રાપથી ઇંદ્રાયુધ નામના અશ્વ રૂપે કપિંજલનુ પૃથ્વી ઉપર પડવું.

અંક બીજો.

પ્ર. ૧ લો—ઉદર નિર્વાહાર્થે ઉજ્જયની તરફ જતા બ્રાહ્મણો તથા સંત સાધુઓનું મંડળ.

પ્ર. ૨ જો—શ્રાપના દોષથી તારાપીડ રાજાને ત્યાં થએલા ચંદ્રના અવતાર ચંદ્રાપીડનો યુવરાજ્યાભિષેક, પત્રલેખા નામક રોહિણીનું ઇંદ્રાયુદ્ધ સાથે રાજસભામાં આગમન, ભિન્ન ભિન્ન સ્વરૂપે ત્રીપુટીનો સમાગમ.

પ્ર. ૩ જો—ચિત્રસેન ગંધર્વ તથા રાણી મદિરાનો કાદમ્બરીને પરણાવવાનો દુરાગ્રહ, મહાશ્વેતા તરફથી સંદેશો લઇ આવેલી તરલિકાને ઉપાલંભ.

પ્ર. ૪ થો—સૈન્ય સાથે દિગ્વિજય કરવા નીકળેલા યુવરાજ ચંદ્રાપીડ તથા મંત્રીપુત્ર વૈશંપાયનનું અચ્છોદ સરોવર પાસે પુનઃ આગમન, અલૌકિક ગાન શ્રવણ.

પ્ર. ૫ મો—શંકરનું આરાધન કરતી મહાશ્વેતાને જોઇ ચંદ્રાપીડનું આશ્ચર્ય ચકિત થવું, દુઃખી હૃદયને દીલાસો, સાધવીની તપસીદ્ધી, રાજકુમારનું આતિથ્ય, નહીં પરણાવવાની પ્રતિજ્ઞાવાળી કાદમ્બરીને મનાવવા માટે મહાશ્વેતાની સાથે ચંદ્રાપીડનું ગંધર્વ નગર તરફ પ્રયાણ.

પ્ર. ૬ ઠો—ઈર્ષ્યાને લીધે આડોશી પાડોશીનો વિનાશ કરવા માટે અસુયા તથા ઈર્ષ્યાનંદનું અનુષ્ઠાન.

પ્ર. ૭ મો—યૌવનના મદમાં ઝુલતી કાદમ્બરી તરફ સખીઓનું અટ્ટહાસ્ય, મેનાપોપટનો ઝગડો, ચંદ્રાપીડનું દર્શન થતાં મનમાં પીડા પામતી કાદમ્બરીનું પ્રેમપાસમાં સપડાવું, તામ્બુલસ્વીકાર.

પ્ર. ૮ મો—સૈન્યની છાવણીમાં ચંદ્રાપીડનું આગમન, પિતાનો પત્ર વાંચી સૈન્યની લગામ વૈશંપાયનને સોંપી યુવરાજનું તુરતા તુરત ઉજ્જયની તરફ ચાલી નીકળવું, પુર્વ સંસ્કારથી પાછળ રહેલા વૈશંપાયનને ચિત્તભ્રમ.

પ્ર. ૯ મો—પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી ચંદ્રાપીડના પ્રેમપાસમાં પડવાના સાહસ માટે પશ્ચાતાપ કરતી કાદમ્બરીને પત્રલેખાનો મેળાપ, પત્રલેખાદ્વારા કાદમ્બરીનો યુવરાજને સંદેશો.

પ્ર. ૧૦ મો—એકલપેટાં ધણીધણીયાણી ઈર્ષ્યાનંદ તથા અસુયાને હાથના કર્યાં હૈયે વાગવાં, ખાડો ખોદે તે પડે.

પ્ર. ૧૧ મો—મહારાજ તારાપીડ તથા વૃદ્ધ મંત્રી શુકનાસનો ચંદ્રાપીડને પરણાવવાનો વિચાર, વૈશંપાયન વિના સૈન્યને એકલું આવેલું જોઇ ચંદ્રાપીડ ઉપર દોષારોપ, મિત્ર વૈશંપાયનને તેડવા માટે ચંદ્રાપીડનું હેમકુટ તરફ પ્રયાણ.

પ્ર. ૧૨ મો—સાધ્વી મહાશ્વેતાનું શિયળ ભંગ કરવાના પ્રયત્ન માટે વૈશંપાયનને શુકજાતીમાં પડવાનો શ્રાપ, ચંદ્રાપીડ તથા મહાશ્વેતાનો પુનઃ મેળાપ, વૈશંપાયનને શ્રાપ

થયાના સમાચાર સાંભળતાં ચંદ્રાપીડનું હૃદય ફાટી જવું, કાદમ્બરી તથા પત્રલેખાનું કલ્પાંત, અશ્વરૂપે રહેલા કપિંજલનું મુળ સ્વરૂપ પામી આકાશમાર્ગે ચાલ્યા જવું.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—જાબાલી મુનીના આશ્રમ પાસેથી રૂષિ કુમારોને શ્રાપદોષથી શુકરૂપે પડેલા વૈશંપાયનની પ્રાપ્તી.

પ્ર. ૨ જો—પોપટના બચ્ચાનું પુર્વ વૃત્તાંત જાણવા માટે ત્રિકાળજ્ઞાની મુની જાબાલી પ્રત્યે રૂષિ કુમારોનો પ્રશ્ન, દિવ્ય ચિત્રદર્શન.

પ્ર. ૩ જો—વૈશંપાયનની શોધ માટે નીકળેલા ચંદ્રાપીડને માટે મહારાજ તારાપીડ તથા રાણી વિલાસવતીની ચિંતા, રાજકુમારના હૃદય ફાટી ગયાના સમાચાર સાંભળી આક્રંદ કરતાં માતાપિતાનું મહાશ્વેતાના આશ્રમ તરફ પ્રયાણ.

પ્ર. ૪ થો—પોતાના પાપ કર્મને લીધે અસદ્‌ગતિ પામેલા ઇર્ષ્યાનંદનું પ્રેત રૂપે અસુયાની પાછળ પડવું, યોગીનીઓનો સમાગમ, અસુયાનો પશ્ચાતાપ, વિધવા ધર્મ માર્ગ દર્શન.

પ્ર. ૫ મો—શુકજાતીમાં પડેલા વૈશંપાયનના ઉદ્ધાર માટે કપિંજલનો સ્તુત્ય પ્રયત્ન, પુત્રના પાપ કર્મથી ચાંડાલ કન્યા રૂપે અવતરેલી લક્ષ્મીને પુર્વજન્મનું જ્ઞાન આપી શુદ્રક રૂપે અવતરેલા ચંદ્રાપીડના સભાસ્થાન પ્રત્યે જવાની સુચના.

પ્ર. ૬ ઠો—શુદ્રકના **સભાસ્થાનમાં** ચાંડાલ કન્યા રૂપે લક્ષ્મીનું પોપટજાતીમાં રહેલા વૈશંપાયન સાથે આગમન, શ્રીમુખે પોપટનું પુર્વ વૃત્તાંત શ્રવણ કરતાં શુદ્રકનું મુળ સ્વરૂપને પામી ચંદ્રલોકમાં જવું, વૈશંપાયનના શ્રાપનો અંત.

પ્ર. ૭ મો—ચંદ્રાપીડના સ્થુળ દેહની સેવા રક્ષા કરતી કાદમ્બરીને તથા પુંડરીકના દર્શનની આશામાં દીવસ નિર્ગમન કરતી સાધ્વી મહાશ્વેતાને પતીનો મેળાપ, સતીઓના સતીત્વ પ્રભાવથી સત્ય પ્રેમનો વિજય, આનંદોત્સવ, દેવતાઓનાં આશીર્વચન સાથે નાટકની પુર્ણાહુતી.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

વિજ્ઞપ્તિ.

કવિશીરોમણી બાણુભટ્ટની વસ્તુકથાના આધારે રચવામાં આવેલા આ નાટ્યપ્રયોગમાં હાસ્યનો ભાગ પ્રેક્ષકોના આનંદની ખાતર કલ્પિત યોજવામાં આવ્યો છે; એને મૂળ વસ્તુ-કથા સાથે કાંઇ પણ સંબંધ નથી.

ચિત્રકાર.

श्री गणेशाय नमः

महाश्वेता–कादम्बरी नाटकनां गायनो.

મંગળાચરણ.

સુત્રધાર— १

શ્રી ગુણ ગણપતિ શુભ મતિ દાતા— શ્રી—
હરો કુમતિ હરિહર સુખશાતા
શુભ મતિ દાતા— શ્રી—
લંબોદરને લાગું પાય,
ગિરજા સુત ગુણનિધિ ગણરાય,
સ્મરતાં સંકટ દુર પળાય,
કરો સફળ કૃતિ શુભ મતિ દાતા. શ્રી—

બાળાઓ—વંદુ સરસ્વતિ ભગવતી ભુવનેશ્વરી સર્વેશ્વરી (२)
ભારતી કરી આરતી પ્રેમે પુજું પરમેશ્વરી. શ્રી—

નટી—
બાળાઓ— } २

હાંરે પ્રેમ સાચો પ્રભુ તણું ધામ છે
હાંરે સાચા પ્રેમીના બેલી શ્રી રામ છે
બેલી શ્રી રામ છે..............હાંરે—
કાચા જે પ્રેમના પ્રવાહમાં તણાય છે
નાવ તેનું ભાંગી ભચકાઇ ભુકો થાય છે
વાલમ વનિતાના વિશ્રામ છે
વનિતાના વિશ્રામ છે...........હાંરે—

અંતર બંનેનાં અંતરમાં સમાય છે
જેમ શુદ્ધ સાકર પય માંહી મળી જાય છે
તે દંપતીનાં અંમર નામ છે......હાંરે—

મહાશ્વેતા—
૩

આવે ક્યાંથી મધુરી મધુરી સુવાસ (૨)
પુષ્પ અપરિચિત પામ્યું કો વિકાસ. આવે.
સમિર સ્વર્ગ તણો નીકળી પ્રવાસે
રહ્યો પ્રસરાવી સુગંધી ચોપાસે
પામ્યું તનમન મારૂં અતિશે ઉલ્લાસ. આવે.

તરલિકા—
તથા સખીઓ—
૪

ઓ સાહેલીરે (૨) સમજી કરીએ પ્રીત
નથી સહેલીરે (૨) અટપટી પ્રીતની રીત
બોલો અનેક સુણી બીજાના
બોલ તોળી બોલીએ
સામાનું દીલ જોયા વીના
નવ આપણું દીલ ખોલીએ
અંતર સામાનું ભાળી
ભરીએ ડગલું સંભાળી
એક હાથે પડે કેમ તાળીરે.

મહાશ્વેતા-
તથા સખીઓ-
૫

મંજરીએ મનડું મોહ્યુંરે.
મનગમતા મહારાજ મારા મનગમતા મહારાજ

એ શું દીલડું અમ પ્રોયુંરે...મનગમતા—

પુંડરીક— "શું આ પુષ્પ તમને બહુ ગમે છે ?"

મહાશ્વેતા— મનને તો ગમતું ઘણું મુખથી કેમ મગાય
વીણ પ્રીછયે વીણ પારખ્યે ઘટે માન મુનિરાય

પુંડરીક— માગ્યે માન ઘટે નહીં જેવું જ્યાં દાતાર
સુખે સ્વીકારો પુષ્પ આ ધરો કર્ણ મોઝાર

સખીઓ— અતિ ઉદાર દીલ તમ જોયુંરે......મનગમતા

મહાશ્વેતા- તથા સખીઓ-

૬

અમે જઇશું, અમે જઇશું હવે અમે જઇશું રાજ
રસભીના તમે આવજો...........અમે-
આવી મંજરીઓ નિત્ય લાવજો
પ્રેમે પરીમલ પસરાવજો......અમે જઇશું
મુનિવર અમશું પ્રસંગ પાડી દર્શન દેજો દાડી દાડી
અમ સરખું કાજ જરૂર તમે કહાવજો, તમે આવજો
અમે—

પુંડરીક—

૭

મળશે હવે ક્યાં મનહરણી (૨)
ચતુરા એ ચંપકવરણી........મળશે—
મારી કટાક્ષ ભેદ્યું ઉર મારૂં
ક્યારે થશે મુખ દર્શન તારૂં
રામા રસીલી રસિક રમણી.....મળશે—

મહાશ્વેતા— ૮

પ્રેમ બીજ રોપ્યું હૃદયે
જીવન આધાર મારા
પ્યારા પત્ર તારો ભાળી
ફુટયાં નવ પલ્લવ ડાળી
ખીલી પુષ્પે તો હદવાળી (૨) જીવન આધાર મારા—
મદન પડીને પૂઠે
મીઠાં પ્રેમ પુષ્પો ચૂંટે
મ્હારી ફુલવાડી લૂંટે (૨) જીવન આધાર મારા—

તરલીકા— ૯

અરે સખી ધીમે ધીમે ડગ ભર
ઉતાવળ આવડી! આ શી (૨)

મહાશ્વેતા—પિયુ મુખ દર્શન પ્યાસી

તરલીકા—અરે સખી ... ...

મહાશ્વેતા—અંતર મારૂ મારે છે ઉછાળા (૨)

તરલીકા—ન હોય ઉછાળા યૌવન કેરા ચાળા (૨)
મંજરીવાળા લાલ લાજાળા
પ્રીતમ તારા નહીં જાય નાસી.....અરે-

મહાશ્વેતા— ૧૦

બોલો બોલોને અંતરના બેલી નાથ વિનવું કર જોડી.
પીયુ જાશો કયાં અમને છોડી
પ્રીતિ જન્મો જન્મ તણી તોડી.....બોલો.

સાખી.

હાથે આવી હંસલો, ઉડી ગયો આકાશ;
જઇ બેઠો દુર દેશમાં, હવે મળવાની શી આશ-
મરજાદ મેં કુલની છોડી (૨) તમ સંગે મેં પ્રીતડી જોડી (૨)
ઉઠો ઉઠો ને અંતરની કરીએ વાત;
રાત રહી થોડી બોલો બોલો.

આકાશવાણી—

સાહસ નવકર શાણી
આત્મઘાતનું પાતક શિરતાણી
પુનઃ સમાગમ થાશે
શોક તજીદે વિધી વાક્ય જાણી.

મહાશ્વેતા— **૧૧**

વિષય તજી ભજીશ વિષધારી
કરીશ જઇ પ્રસન્ન ત્રિપુરારી
જુઠી આ જગત તણી જંજાળ
દીસતું સર્વે આળ પંપાળ
ત્યાગી સૌભાગ કષ્ટકારી (૨) કરીશ
સ્વાર્થી આ સંસારમાં દીઠો નહીં કાંઇ સાર
પુર્વે પુણ્ય સંચય વિના નવ તરાય ભવપાર
શિયળવૃત્ત અખંડ તપ ધારી (૨) કરીશ

કાદમ્બરી—
તથા સખાઓ— } **૧૨**

અજબ બહાર શી બની (૨)
બ્હેની વિશાળ વિશ્વવાટિકા તણી

રચી રચના અદ્ભુત મુખે જાય ના ભણી—અજબ-
પચરંગી ફુલડાં ઘણાં ખીલી રહ્યાં ચોપાસ
કંઈક નવલ રંગે ભર્યાં......કંઈક ભર્યાં સુવાસ
રૂપ કંઇકનું નીહાળી જાય નયણાં ઠરી
ગુણ કંઇક ના લોભાવી લે છે હઇડાં હરી
ગુણવતી ગુણ સુગંધીને વળી જો જો રૂપરંગ
પરખ્યા વિણ નવ પાડીએ પુષ્પની સંગ પ્રસંગ

સખીઓ— ૧૩

પતિ વિના પ્રેમદાના મનના પુરાય ક્યાંથી કોડ
કહે સખી પુરાય ક્યાંથી કોડ
સરજનહારે સરજી જગમાં નરનારીની જોડ (૨)
પશુ પક્ષી વન વૃક્ષ નીહાળો
સૃષ્ટી માંહી સઘળે જઈ ભાળો
નાના મોટા જીવ જંતુમાં પણ એવી નથી ખોડ
રાખી પણ એવી નથી ખોડ—સરજનહારે
પતિ ભજ્યે પાતક સહુ ટળતાં
અખંડ સુખડાં સ્હેજે મળતાં
પતિ વિના સાહેલી ભવમાં હરાય જીતી હોડ—સરજનહારે

નિર્ગુણાનંદ
ભોજનાનંદ } ૧૪
ઇર્ષ્યાનંદ

અમે ગોલાના ગોર ભાઈ ગોલાના ગોર
તોએ પોશો ભરાવી પડાવીએ મહોર
પોશો ભરાવી પડાવીએ મ્હોર ભાઈ

પાણી મુકાવી પડાવીએ મ્હોર
દીકરાનું દીધું દાદાને પહોંચાડીએ
લોક એવા શ્લોક અમે નવા નવા કાઢીએ

ઇર્ષ્યાનંદ—છો તમે વેદીયા ઢોર (૨)

ચંદ્રનીકળાઓ— ૧૫

તાના દીમ તદીમ તદીમ તનનન
દીમ તદીમ તનોમ
તાના દીમ તનોમ
તદીમ તનોમ તદીમ તનોમ તનોમ...તાનાદીમ-
દર દર દીમ તદીમ તનોમ
દર દર દીમ તદીમ તનોમ..........તાનાદીમ-

અંક બીજો.

સંતો— ૧૬

રામ ભજન રોકડ નાણું રે વેપારી સંતો
રામ ભજન રોકડનાણું
લક્ષચોરાસી કેરા ફેરામાં ફરીઓ તો એ
નહીં તારૂં ઠામ કે ઠેકાણું રે...વેપારી સંતો રામ
બીજાની વાતો માંહી ડાહ્યો બહુ થાતો પણ
તારૂં પોતાનું તું ન જાણું રે...વેપારી સંતો રામ
કાળની ડાઢો વચ્ચે વિશ્વ ચવાતું રે
સૌકો છે કાળનું ચવાણું રે...વેપારી સંતો રામ

કંચનીઓ—
તથા દરબારીઓ— } ૧૭

જય થાઓ મહારાજાધિરાજ
અવિચળ રહો યુવરાજ
જાણો પ્રજાતણી ઉર દાઝ
કરો પ્રજાતણાં હિતકાજ જય
થાઓ અખુટ સમૃદ્ધિના સ્વામિ
રિદ્ધિસિદ્ધિ પ્રણમે શીર નામી
ધન્ય ધન્ય દિન આજ જય

પત્ર લેખા— ૧૮

માલીકનાં બાળક સૌ માલીક સૌના શ્રી જગનાથ (૨)
કર્તા હર્તા સૃષ્ટિના સૌ બાજી એને હાથ
ઋણાનુંબંધે આવી મળતુ
ખાળ્યું નવ કોઇનાથી ખળતું
જગત માત્ર તેને આધીન છે અનાથના જે નાથ
નહિ પીંડ આ પોતા તણો પોતાનું કાંઇ ન જાણવું
સૌએ શુભાશુભ કર્મને પોતા તણું જ પ્રમાણવું.

કાદમ્બરી— ૧૯

સખી જઇ સંદેશો કહેજે
મમ સખીને ધીરજ દેજેરે સખી
અસ્ત થતાં દિનકરનો નલિની ઉદાસ મનમાં થાય
અલ્પ પરિચયે ચક્રવાકી પણ પતિ સુખને નવ ચ્હાય

તજ્યું સખીએ દર્શન પરનરનું
હું કયમ નામ લઉં નશ્વરનું—જઇ
સમજ્યા વિણ સુખની આશામાં પામર જીવ તણાય
વિષય ભોગ આ લોકતણા સૌ અંતે નિરસ જણાય
હસી પ્રથમ પરીણામે રોવું
એ વિષયે કયમ ચીત પરોવું—જઇ

ચંદ્રાપીડ— ૨૦

અત્યુત્તમ પદ મિત્ર તણું આ સંસારે સમજાય
આ અવનીમાં અન્ય ઘણાં જે સુખના સાથી થાય
માતા પિતા ભ્રાતા થકી વળી ગુપ્ત પ્રિયજન સ્વજનથી
જે ગુપ્તમાં પણ ગુપ્ત તે પણ ગુપ્ત મિત્ર થકી નથી
મિત્ર રત્નથી આ ભવરણની સફર સફળ થઇ જાય
સમૃદ્ધિ ચૌદ ભુવન તણી પુરૂષાર્થે મળવા સ્હેલ છે
સદ્ભાગ્ય વિણ સન્મિત્રની પ્રાપ્તી મહા મુશ્કેલ છે
શબ્દ લઘુ પણ અર્થ અધિક બે અક્ષર માંહી સમાય.

મહાશ્વેતા— ૨૧

શ્રી ત્રિપુરારી સ્મરૂં સ્મરારિ
વિજય કીધો મહામદન મારી— શ્રી
ભભૂત અંગ ભુજંગ ધારી
જટા મધ્યે સોહે ગંગ સારી
અસુર મારી ભક્ત તારી,
દેવતણાં દુઃખ નાંખ્યા વીદારી શ્રી
ભોળા શંભુ તમ ચરણ પાસ

ભક્તિ કરૂં ઉર આણી હુલ્લાસ
પુર્ણ કરો પતિ દર્શન આશ
શુદ્ધ ભાવે કરૂં સ્તુતિ તમારી શ્રી

મહાશ્વેતા— ૨૨

રૂપે શું રંગ રાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન ભજો (૨)
હાડમાંસ ને રૂધીર ભરેલું મઢ્યું ચામડે અંગ (૨)
ગંદા દેહનો ગર્વ નકામો કાયાનો રંગ પતંગ
ભરૂંસો નહીં સાચોરે કાયાનો રંગ કાચોરે ભગવાન

મહાશ્વેતા— ૨૩

શું કહુ કથની મારી રાજ શું કહું કથની મારી
હું તો દૈવના ત્રાસે હારી રાજ—શું કહું
પરખી પારિજાતક મેં અર્પણ કીધું મન મારૂં
પતિ તજી પરલોક સીધાવ્યા કરી જીવતર મમ ખારૂં રાજ
ચંદન કાષ્ટની ચીતા રચાવી પતિ સહગમનની આશે
સુન્ય દેહ મમ સ્વામિતણો પણ ઉડી ગયો આકાશે રાજ
અરપ્યું મેં સર્વસ્વ સ્વામિને પ્રેમની કફની ધારી
તજી જગત જંજાળ સર્વ હું પ્રીતે ભજું ત્રિપુરારિ રાજ

ચંદ્રાપીડ— ૨૪

ચાહુ તમ સાથ સદા
સતિ ભગવતિ તમ ચરણની સેવા
છોડું નવ સંગ કદા
દીલમહીં લ્હાવ અનુપમ લેવા
આપ સમાગમ સુખકર લાગે

શાન્તી સુધારસ રેલું સદા   દીલ
હૃદય અડગ ડગભરવું ન ગમતું
પરમ પવિત્ર પ્રવિણ પ્રમદા   દીલ

સર્વ—   ૨૫

અદેખાને દેખી આઘા ખસીએરે
સદા દુર્જનથી દુર વસીએ   ૨
પોતે બળીને પાપી સામાને બાળતા
સારૂં નઠારૂં કાંઇ નજરે ન ભાળતા
પોતાને હાથે પોતાનું બગાડતા
નર્કે પડીને નીચ સામાને પાડતા
એવા કુસંગે નવ ફસીએરે
કદી એવા કુસંગે નવ ફસીએરે   સદા

સખીઓ—   ૨૬

મોંઘુ જોબનીયું એળે જાય રે
સાહેલી તારૂં મોંઘું જોબનીયું એળે જાય
રૂડા વસંતના વાયરા વાય રે........સાહેલી

કાદમ્બરી— વિધ વિધ ખેલો ખેલતાં ગયું મુજ બચપણ જેમ
માતપિતાના લાડમાં જાશે યૌવન તેમ

સખીઓ— "બેન હવે માતાપિતાના લાડ ન શોભે"

કાદમ્બરી— "ત્યારે ?"

સખીઓ— "હવે તો પતિના લાડ શોભે"
જોને અનંગ તારી પુઠળ પુઠળ ધાય રે

તમાલીકા— ૨૭

અલી જો જે મનાતી ભોળી મેના
ભોળવશે તુજને પોપટજી મુખે મીઠું બોલી
અલી જો જે દેતી તું અંતર ખોલીરે........ભોળવશે

સખીઓ—પ્રેમે પોપટ દાઝ દીલની દીલમાંહી સમાવશે
ઋતુ વસંતે માનનીને મદનરાજ મનાવશે
રસરાજની રસરેલ જ્યાં રગ રગ મહીં વ્યાપી જશે
જખ મારી મેના માનશે પણ ખોઇ પાયે લાગશે

કાદમ્બરી— ૨૮

થઇ પ્રેમ વશ પાતળીયા (૨)
મારા મનના માલીક મળીઆ રે........થઇ
પ્રીતે કરો મુખવાસ સજનવા રાજહૃદયના વાસી

ચંદ્રાપીડ—પ્રેમદા પ્રીત જ્યોત પ્રકાશી (૨)

કાદમ્બરી—મારા મનના મનોરથ ફળીઆરે........થઇ

ચંદ્રાપીડ—ભાગ્યવંત કર્યો ભગવતી મુજને
જીવન સફળ થયું મારૂં

મહાશ્વેતા—કરો શ્રી હરિ શુભ તમારૂં

કાદમ્બરી—મારા મનના માલીક મળીઆરે........થઇ

મદલેખા— તથા તમાલીકા— ૨૯

અમ સખી તણા સ્નેહને સંભારજો રાજ
બોલ્યું વચન પ્રીતે પાળજો
આજ્ઞા પીતાની પાળી વ્હેલા પધારજો

દર્શ લાભ દઇ અમ નયનોને ઠારજો
તન મનના તાપ તમે ટાળજો રાજ—ઓસ્યું.

પત્રલેખા—

૩૦

ક્યાંઈ સ્વાર્થ વિના નવ પ્રીતી દીઠી આ જગમાં
ધુતારા જગમાં ઠગારા જગમાં
લાગે સ્વાર્થ સુધી પ્રીતી મીઠી મીઠી. આ જગમાં
દીઠું સહુ નીજ સ્વાર્થને રોતું
રોતાના આંસુડાં કોઇ ન લ્હોતું—સ્વાર્થ વિના
કહેણી મીસરી ખાંડ છે કહેણી તાતા લોક
કહેણી તેવી રહેણી છે એવા વિરલા કોક
ઔષધ માટે ફ્રરે શેરી શેરી
દર્દ મટ્યું કે લાગે વૈદ્યવેરી— સ્વાર્થ વિના

કાદમ્બરી—

૩૧

આવી સ્વપ્નમાં સતાવે મને સંદેશા કહાવે
મદન લેખ મોકલાવે બની બાવરી બનાવે
મને બાવરી
આવી મારી પાસે પાતળીયો બીવરાવે
ઘુંટડા સુધાના પરાણે પીવરાવે
રંગ અનુરાગનો લગાવે
બનાવે મને બાવરી (૨)

ચંદ્રાપીડ—

૩૨

હાં જઇ મળું આજે મિત્રને
પ્રાણપ્યારા..................હાં જઈ
સુન્ય હૃદય આ મિત્ર વિનાનું
જેવું પુષ્પ સુવાસ વિનાનું

તુજ વિરહે હતભાગ્ય હું માનુ
ભેટીશ ભગવતિ સુંદરીને
મનોહારી મધુરીને મળાશે
મન માન્યો મદનોત્સવ થાશે
એક પંથ બે કાજ સધાશે
ભેટીશ ભગવતી સુંદરીને—હાં જાઉ

તરલીકા— ૩૩
જારે જારે જા નાદાન ઓ હેવાન ભુલી ભાન
બ્હેંકી મુખે શું બકે છે આવું
જાશે તારો જાન..............જારે

મહાશ્વેતા—અરે દુષ્ટ દુરાચારી થાશે માઠી વલે તારી
ફટફટ અવિચારી કર બંધ તું લવારી

વૈશંપાયન—માનો રસીલી માનો રંગીલી
માનો છબીલી ન થા હઠીલી ન થા હઠીલી
પ્યારી મારી દીલજાન

તરલીકા—........જારે જારેજા

ચંદ્રાપીડ— ૩૪
પ્રાણ જાયે મિત્ર વિયોગે
હવે જીવવું છે ધિઃક અરેરે પ્રાણ
ક્રૂર વિધાતા કઠિન થઇરે
હર્યું સઘળું સુખ મારૂં અરેરે પ્રાણ
ઉપજી કુબુદ્ધી આશી તનેરે
મળશું હવે કયાં હામ અરેરે પ્રાણ

અંક ત્રીજો.

રૂપાં કુમારો— ૩૫

મન મુરખ મમતા મેલી, ભજ અંત સમયના બેલી,
રહ્યો પ્રપંચ દાવે ખેલી, પણ હારીશ બાજી જીતેલી—મન
આવ્યો ત્યારે લાવીઓ શું
સાથમાં શું લઇ જશે (૨)
ઠાલી હાથે આવીઓ ઠાલો થઈ પાછો જશે
જેની સંગે રહ્યો રંગરેલી; તે મુકશે તને હડસેલી,
નહીં રહે નાણાંની થેલી, ઘરબાર હાટ હવેલી—મન

સર્વે— ૩૬

જગમાંહી જેણે મન જીત્યું તે
જીત્યું સર્વ ગણાય.....આ જગ
સ્વર્ગતણાં પણ અલભ્ય સુખડાં
તેને તુચ્છ જણાય........આ જગ
વિષય માંહી મદમત્ત બની માતંગ જુઓ સપડાય
મધુર નાદના નાદ થકી મૃગ પારધિ હાથે હણાય—આ
રૂપ પ્રકાશ દીપકનો દેખી પતંગ બાળે કાય
રહે જળમાં પણ રસના સ્વાદે મીનતણો જીવ જાય—આ
કઠણ કાષ્ટ છેદી નીસરે પણ કમળ નહીં છેદાય
પરાગ ગંધે મસ્ત બની અલી ફુલકલી માંહી ગુગળાય—આ

તરલીકા— ૩૭

હીરો હાથે ગુમાવ્યો ગુમાનમાં
મટી માનસ્ મનાયો હેવાનમાં
ખોયું જીવન ઈર્ષ્યા ને અભિમાનમાં

પ્રોયું ચિત્ત ના પ્રભુના ગુણુગાનમાં
દીધી દમડી ન એક પુણ્ય દાનમાં
કર્યું કાંઇ ના તેં દેહના કલ્યાણુમાં
પડી સુતો દુષ્ટ વાસનાની ખાણુમાં
જેમ છાણુનો કીડો મરે છે છાણુમાં

યોગીનીઓ— ૩૮

હમારી લાજ તમારે હાથ ઓ નાથ નીભાવજોરે...હમારી
સદ્દગુણુ જ્ઞાન સુબુદ્ધી આપો
સત્‌ચિત્‌ આનંદ ઉરમાં સ્થાપો
અગમ નિગમનો માર્ગ સુગમ બતલાવજોરે...હમારી
ભક્તી થકી ભવબંધન તુટે, ડગલે ડગલે આયુષ્ય ખુટે
શ્રીધર અમ તન મનના તાપ સમાવજોરે...હમારી લાજ

લક્ષ્મી— ૩૯

રામ ભજનું પ્રાણીયા
તારા ભવની ભાવટ ભાંગશે (૨)
તારા દેહનું સાર્થક થશે—રામ
"બોલો રામ સીતારામ"
પંખીડા તું જો વીચારી
કર્મ તારાં લે સંભારી
વાસના નઠારી તુને રૌ રૌ નર્કે નાંખશે—રામ
મુઢ તેં મતી વિસારી
મતી તેવી ગતી તારી
ઉડજે સંભાળી તારી કંચનની કાયા થશે—રામ

કપીંજલ— ૪૦

કોઇ મન મેલા કોઇ ધન ઘેલા
કોઇ મસ્ત બનેલા અભિમાને
કોઈ ધાન ભુખ્યા, કોઇ માન ભુખ્યા
કોઇ મુર્ખ રહ્યા કાચા કાને
કોઈ યશના કામ કરે હાથે (૨)
કોઇ અપયશ ઠામ વહે માથે (૨)
કોઇ સુખ દુઃખ બે સરખાં માને
કોઈ ચઢયા સમયને તોફાને કોઇ.

કંચનીઓ— ૪૧

ગરેગમપમગરેગસારેનીસાનીસા—(૨)
ગરેગમપ રેરે
પપપમપનીધપમધપમગરે પપપસા...ગ–પ–મ
સારેનીસાનીસા—ગરે
સાપમપપ ધપ મપ
સાપમપપ ધપ મપધસાનીધપમગરે
પપપસા (૨) ગ–પ–મ
સારેનીસાનીસા—ગરે

શાસ્ત્રગંજ— ૪૨

દીવ્ય લોકથી ભ્રષ્ટ થઇને
મૃત્યુ લોકમાં જઈ ચઢીઓ
કામ વાસનાનું ફળ પામી
શુક જાતીમાં હું પડીઓ

કાદમ્બરી— ૪૩

પીંજરૂં પડયું સુનું મારૂં (૨)

પ્યારા પંખીડા વિના...પંખીડા વિના...પિંજરૂં—

સુંદર શરીર જણાય કાન્તનું પ્રથમ હતું જેવું (૨)

વિકસિત કમલ સમાન નાથનું મુખારવિંદ તેવું

પ્યારા પંખિડા વિના—

સહજ ઢળેલાં નેત્ર લલાટની કાન્તી પણ એવી

ગુંછળાંવાળા કેશ આકૃતિ પ્રથમ હતી તેવી

પ્યારા પંખિ઼ડા વિના—

કાદમ્બરા— ૪૪

જાગો જાગો જીવન પ્રાણ (૨)

નિદ્રા ત્યાગો ચતુર સુજાણ— જાગો

ભરદરીઆમાં ડુબકાં ખાતું

આવી પહોંચ્યું તીરે વહાણ

દુઃખનાં વાદળ વિખરાયાં વહાલા (૨)

ભાગ્યનો ઉગ્યો ભાણ

આજે મારે ભાગ્યનો ઉગ્યો ભાણ— જાગો

સર્વ— ૪૫

શુદ્ધ પ્રેમતણો થયો વિજય વિજય

પ્રીતે પામ્યાં શ્રેષ્ઠ પદ અભય અભય

સત્કર્મો થકી કીર્તિ વધારે

તાત શ્વસુરના કુળને તારે

જગમાં ઉચરાય જય જય જય

તેનો જગમાં ઉચરાય જય જય જય.

॥ ૐ શાન્તિઃ ॥ ૐ શાન્તિઃ ॥ ૐ શાન્તિઃ ॥